## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



બેટા... પરીક્ષા ગમે તેવી સારી જાય... ગમે તેટલા ટકા આવે પણ એક વાત યાદ રાખજે... આ દેશમાં તારી પાસે આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ નહી હોય તો તારા પર્સંટેજ કોઈ કામના નહી રહે...!!

# સિવિલની ઓપીડી-ઈન્ડોર બિલ્ડીંગમાં પંખા બંધ

ગાંધીનગર, તા.૨૧

ઉનાળાનો ધીમી ગતિએ પ્રારંભ થઈ ગયો છે. બપોરે ગરમીને પગલે નાગરીકો હેરાન થઈ જાય છે. ત્યારે સિવિલ હોસ્પિટલમાં ઓપીડી બિલ્ડીંગ તેમજ આઠમાળની ઈમારતમાં આવેલા વિવિધ વોર્ડમાં પંખા તેમજ લાઈટો બંધ હાલતમાં છે. સિવિલના ઈલેક્ટ્રીક વિભાગના અધિકારીઓને વારંવાર રજુઆત છતા હજુ સુધી પંખા ચાલુ થતા નથી. ત્યારે દર્દથી કણસી રહેલા દર્દીઓના દર્દમાં વધારો થઈ રહ્યો છે. જયારે તાજેતરમાં છઠ્ઠા માળે તાજેતરમાં બહાર લોબીમાં પંખો પડવાનો કિસ્સો પણ સામે આવ્યો હતો. તેમ છતા સિવિલનો ઈલેક્ટ્રીક વિભાગ ઘોર નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પંખા, લાઈટ, એસી સહિત વિજ લાઈનમાં કોઈપણ ખામી સર્જાય તે માટે ખાસ ઈલેક્ટ્રીક વિભાગ કાર્યરત છે. જેમાં અધિકારીથી માંડીને વાયરમેન સુધીના કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. પરંતુ સિવિલના ઓપીડી વિભાગમાં વિવિધ કાર્યરત ઓપીડીમાં મોટાભાગના પંખા તેમજ લાઈટો ડુલ છે. કેટલાક સ્થળે બોર્ડમાં સ્વીચો ખરાબ હોવાના કારણે પંખા બંધ હોવા છતા ચાલુ કરવામાં ઈલેક્ટ્રીક વિભાગના કર્મચારીઓને ચુંક આવતી હોય તેમ લાગી રહ્યું છે. ગત્ વર્ષે પણ બે વોર્ડમાં પંખા પડવાના કિસ્સા સામે આવ્યા બાદ ઈલેક્ટ્રીક વિભાગના કર્મચારીઓ રાતોરાત તમામ પંખાનું ચેકીંગ હાથ ધર્યુ હતું. ત્યારે ઓપીડી જેવી જ સમસ્યા આઠમાળની ઈમારતમાં પણ જોવા મળી રહી છે. સિવિલના વહીવટી ઓફિસ એક પણ લાઈટ કે પંખો બંધ હાલતમાં નથી. જયારે ઉનાળાની ગરમીમાં પંખો ચાલુ ના હોવાથી દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. આઠમાળની ઈમારતમાં મોટાભાગના વોર્ડ તેમજ બહારની સાઈડ મુકવામાં આવેલા પંખા બંધ હાલત છે. ઈલેકટ્રીક વિભાગની યોગ્ય જાળવણી અને નિભાવણીના અભાવે આ હાલત થવા પામી છે. ત્યારે આગામી સમયમાં ઉનાળામાં અંગ દઝાડતી ગરમી પડશે ત્યારે પંખા શરુ નહી હોય તો દર્દીઓની તેમજ સગાઓની શું હાલત થાય તે કલ્પના માત્રથી ધ્રુજી ઉઠાય છે. ત્યારે તાત્કાલીક અસરથી પંખા શરુ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી દર્દીઓની છે.



**શહેરમાં માકેશ્વરી સમાજ દ્વારા ઘનગોરની ઉજવણી કરાઈ**

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા માકેશ્વરી સમાજ દ્વારા ઘનગોર (શંકર-પાર્વતિ વિવાહ)ની ભવ્ય ઉજવણી પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવી હતી. જેમાં સમાજના દરેક ભાઈ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા છે. ત્યારબાદ ભગવાનની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. ત્યારબાદ રીતરિવાજ મુજબ વિવાહ સંપન્ન કરવામાં આવે છે.

## જય અંબે યુવક મિત્ર મંડળ અંબાજી પગપાળા યાત્રા સંઘ શુક્રવારે પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ખાતેના જય અંબે યુવક મિત્ર મંડળના ચૈત્ર સુદ પૂનમે અંબાજી પગપાળા યાત્રા સંઘ છેલ્લા ૩૨ વર્ષથી અવિરત યોજવામાં આવે છે. આ પગપાળા સંઘમાં શહેરના ત્રણ એડવોકેટ જોડાયાને ૨૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે ત્રણેય એડવોકેટ દ્વારા તેમની પદયાત્રા વર્ષની રજત-જયંતિ ધામધુમથી ઉજવવાનું નક્કી કર્યુ છે.

ગાંધીનગરના જાણીતા એડવોકેટ જગદીશસિંહ મનુભા વાઘેલા, હિતેશ એન. રાવલ અને પ્રદિપસિંહ પૃથ્વીસિંહ વાઘેલાને કોલવડાના જય અંબે યુવક મિત્ર મંડળ દ્વારા દર ચૈત્રી પૂનમે ચાલતા અંબાજી યાત્રા સંઘના જોડાયાનુ રજત-જયંતિ વર્ષ છે. આ પ્રસંગે શહેરના આ ત્રણેય એડવોકેટ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી કરવાનું નક્કી કર્યુ છે. જેમાં ગત તા. ૧૮ના રોજ માતાજીની ભવ્ય શોભાયાત્રા અને આનંદના ગરબાનું આયોજન કરાયું હતુ. આ પ્રસંગે તા. ૨૨ માર્ચના રોજ કોલવડા ગામ ખાતે નરેન્દ્રસિંહ ચૌહાણના હસ્તે માતાજીના રથો પ્રસ્થાન કરાવશે. રથ પ્રસ્થાન બાદ સધી માતાના તેમજ અંબાજી માતાના મંદિરે ધજા ચઢાવી સોમનાથ સોસાયટી ખાતે રાત્રી રોકાણ કરશે. તા. ૨૩ના રોજ પરોઢીયે ૪ કલાકે આ સંઘ કોલવડાથી અંબાજી જવા ભક્તો સાથે પ્રયાણ કરશે. તા. ૩૦ના રોજ સંઘ અંબાજી ખાતે પહોંચશે અને બાવન ગજની ધજા ચઢાવવામાં આવશે. તા. ૩૧ના રોજ ગબ્બર પર માતાજીના દર્શન ધજા ચઢાવી ભક્તો દર્શન કરી ગાંધીનગર આવવા પ્રસ્થાન કરશે.

## ચિલોડા ખાતે સ્વચ્છતા અંગે લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ગામના ચોકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર દ્વારા આયોજિત સ્વચ્છ મિશન અંતર્ગત સાર્થક આર્ટ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા સ્વચ્છ ગામ-સુખી ગામ અંગે કલાવૃંદ કલાકારો દ્વારા સુંદર નાટકનું આયોજન કર્યુ હતુ. જેમાં ગામ સ્વચ્છતા, સ્વચ્છતા ત્યાં પ્રભુતા ગંદકી ત્યાં માંદગી, શૌચાલયનો વ્યક્તિગત ઉપયોગ અને ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટેની વિસ્તૃત અને ખૂબ સરસ રીતે માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં કલાકારોએ નાટક જ્ઞાન સાથે ગમ્મત પીરસી લોકજાગૃતિ અભિયાન અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ.

## આજોલ ગામે ગુરુ પ્રકાશ પર્વે રાષ્ટ્રીય સંમેલન યોજાશે

માણસાના આજોલ ગામે આયોજીત રાષ્ટ્રીય મહાસંમેલનમાં સતગુરૂ રવિદાસની વિચારધારાનું વિસ્તૃતિકરણ અને બાળ શિક્ષણનું સ્તર વધે બેરોજગારી સામે ધંધા વ્યાપાર વધે, વ્યસન, કુરિવાજો, અંધશ્રદ્ધાથી મુક્તી મળે, સામાજિક જીવન સદ્ધર થાય આવા સમાજના ઉત્થાન-ઉત્કૃર્ષ માટે ગંભીર વિષયો પર સકારાત્મક ગોષ્ઠી પર આધ્યાત્મિક દૃષ્ટિકોણ દ્વારા જનજાગૃતિ મહા સંમેલનમાં સંતો મહંતોનું આગમન અને વાણીની અમુલ્ય તક મળશે. ટ્રસ્ટી મંડળે જાહેર આમંત્રણ પાઠવ્યુ છે.



**ઝુંડાલ ખાતે ભાગવત કથાનો પ્રારંભ**

રાઘવ સેવા સમિતિ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત કથા ઝુંડાલના પ્રથમ દિવસે પોથી યાત્રા નીકળી હતી. તેમજ કથામાં માનવ મહેરામણ ઉમટ્યુ હતુ.

# ટાયર ચોર, બેટરી ચોર અને હવે, લોગો ચોર એકટીવ થયા...!

### સેકટર-૬-બીમાંથી ચાર ગાડીઓના લોગો ચોરાયા : ગ-૨ પાસેનો વિસ્તાર અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો હોવાની વસાહતીઓની ફરિયાદ

ગાંધીનગર, તા.૨૧

પાટનગરમાં કારમાંથી ટાયરો ચોરતી ગેંગ સક્રીય થઈ અને પકડાઈ પણ ગઈ. ત્યાર બાદ હવે કારમાંથી બેટરીઓ ચોરી જતી ગેંગ સક્રીય થઈ ગઈ છે. તેની સાથો સાથે પાર્કીંગમાં પડેલી કારમાંથી લોગોની ચોરી કરતી ગેંગ પણ સક્રિય થઈ જતા પોલિસ માટે રોજ એક પડકાર વધતો જાય છે.

ગાંધીનગર પોલિસને એક સાંધેને તેર તુટે જેવી સ્થિતિ નો સામનો કરવો પડી રહ્યો છે. સે-૬-બીમાં ચાર કારના લોગો ચોરી થયા હોવાનું જાણવા મળ્યું છે. સેકટર-૬બી ગ-૨ સર્કલના ખુણા પાસે દારૂડીયાઓ છાશવારે ધમાલો કરતા હોય છે અને આ સ્થળ અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયું છે તેવી ફરિયાદ સ્થાનિકોએ સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં કરી છે. ગ-૨ સર્કલ પાસે પોલિસ પેટ્રોલીંગ શરુ કરી અસામાજીક તત્ત્વોને ત્યાંથી તગેડવા વસાહતીઓ દ્વારા કરવામાં આવેલી અરજીને સે-૭ પોલિસે ગંભીરતાથી લઈ કડક કાર્યવાહી કરવા જણાવ્યું છે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

'ગુજરાત સરકારનું સાહસ'

**જાહેર નિવિદા નંબર-૦૯ સને ૨૦૧૭-૧૮**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર. ફોન નં. ૦૨૭૭૨ ૨૯૦૧૪૪, ૨૯૧૬૧૪, ફેક્સ: ૨૪૨૧૭૨, ૨૪૬૪૨૬, ૦૨૭૭૪-૨૪૨૯૩, ફેક્સ: ૦૨૭૭૪-૨૪૩૦૫, મો. ૯૯૭૮૪૦૬૭૩૫ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. | ભાવો ભરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|
| | એસ.કે.-૧ જુથ પાણી પુરવઠા યોજનાના કાણીયોલસેક્સન હેઠળના કાણીયોલ, જામળા સવગઢ અને દેધરોટા ગૃપની બે વર્ષ માટેની મરામત અને નિભાવણીના કામો | ૯૨.૧૦ | "ડી" ક્લાસ અને ઉપરના | ૩૦૨૨૭૫ | ૫-૪-૧૮ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.org તથા http://www.gwssb.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે.

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૭૦૭/૨૦૧૮



